1

ગુજરાત અનુસુચિત જાતિ અતિ પછાત વિકાસ નિગમની વર્ષ ૨૦૧૬-૧૭માં પ્રથમ હપ્તા પેટે રૂ.૧૫.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટ તેમજ રૂ. ૨૫.૦૦ લાખ કન્ટીજન્સી ગ્રાન્ટ, એમ કૂલ રૂ.૪૦.૦૦ લાખની ગ્રાન્ટ છુટી કરવા બાબત...

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:-અપબ/૧૩૧૨/૨૩૪૭૨૨/જ,
સચિવાલય, ગાંધીનગર.
તા: ૨૬/૦૭/૨૦૧૬

વંચાણમાં લીધા:-

- ગુજરાત અનુસુચિત જાતિ અતિ પછાત વિકાસ નિગમ, ગાંધીનગરનો તા:૨૧/૦૬/૨૦૧૬નો પત્ર ક્રમાંક:ગુઅપવિવિ/૧૬/૨૦૬૭-૬૮.

આમુખ:-

ગુજરાત અનુસુચિત જાતિ અતિ પછાત વિકાસ નિગમ, ગાંધીનગરની વહીવટી ગ્રાન્ટ માટે વર્ષ:૨૦૧૬-૧૭ માં રૂ.૩૫.૦૦ લાખ તેમજ કન્ટીજન્સી ગ્રાન્ટ માટે રૂ.૮૦.૦૦ લાખની આયોજન સદરે ચાલુ બાબત તરીકે બજેટ જોગવાઈ થયેલ છે. તે પૈકી નિગમના અધિકારી/કર્મચારીઓના પગાર, ભથ્થા તથા કન્ટીજન્સી ખર્ચને પહોંચી વળવા માટે પ્રથમ હપ્તા પેટે રૂ.૧૫.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટ તેમજ રૂ. ૨૫.૦૦ લાખ કન્ટીજન્સી ગ્રાન્ટ ફાળવવા ગુજરાત અનુસુચિત જાતિ અતિ પછાત વિકાસ નિગમ, ગાંધીનગર દ્વારા વંચાણે લીધેલ તા:૨૧/૦૬/૨૦૧૬ના પત્રથી દરખાસ્ત કરેલ છે.

ઠરાવ:

ગુજરાત અનુસુચિત જાતિ અતિ પછાત વિકાસ નિગમની ઉકત દરખાસ્ત પરત્વે નિગમની વહીવટી ગ્રાન્ટની કૂલ રૂ.૩૫.૦૦ લાખની જોગવાઈમાંથી પ્રથમ હપ્તા પેટે રૂ.૧૫.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટ તેમજ કન્ટીજન્સી ગ્રાન્ટ રૂ.૮૦.૦૦ લાખની જોગવાઈમાંથી રૂ.૨૫.૦૦ લાખ કન્ટીજન્સી ગ્રાન્ટ એમ કૂલ રૂ.૪૦.૦૦ લાખની ગ્રાન્ટની મંજૂરી નીચેની શરતોની આધિન આપવામાં આવે છે.

- નિગમે હવે પછી દરખાસ્ત કરતી વખતે થયેલ ખર્ચની વિગતો સાથે દરખાસ્ત કરવાની રહેશે.

આ અંગે થનાર ખર્ચ વર્ષ:૨૦૧૬-૧૭ના અંદાજપત્રમાં માંગણી નંબર-૯૫, મુખ્ય સદર-૨૨૨૫-અનુસૂચિત જાતિ/આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર-૦૧, અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર-૧૯૦ જાહેર ક્ષેત્રે અને અન્ય ઉપક્રમોમાં મુડી રોકાણ, પેટા-સદર (૩) બીસીકે-૪૧ અનુસૂચિત જાતિ પેટા યોજના બેચર સ્વામી અતિ પછાત જાતિ વિકાસ બોર્ડ હેઠળ ઉધારવાનો રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા:૨૧/૦૭/૨૦૧૬ની નોંધથી મળેલ સમંતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

(કે.આર. મહેતા)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી (સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ૪/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અનુસુચિત જાતિ અતિ પછાત વિકાસ નિગમ, ૪/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ઉકત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.
- સેક્શન અધિકારીશ્રી, નાણાં વિભાગ (અ-શાખા), સચિવાલય, ગાંધીનગર.
- પસંદગી ફાઇલ.